# ભારતીય જનતા યુવા મોર્ચો

"પંડિત દીનદયાળ ભવન", ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ,                                                                                    તા. ૨૮/૦૭/૨૦૧૭

તંત્રીશ્રી,

.................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

ભારતીય જનતા યુવા મોરચા સુરત મહાનગરના પ્રમુખ શ્રી મહેન્દ્ર દેસાઈ અને મહામંત્રીઓ શ્રી પંકજ તિવારી તથા મોનિલ ઠાકર એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

આજરોજ "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે યુવા મોરચાની "શહેર કારોબારી" બેઠક તેમજ "વક્તા પ્રશિક્ષણ" વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત મહાનગરના તમામ ૨૯ વોર્ડમાંથી મોટી સંખ્યામાં યુવાઓએ ભાગ લીધો હતો. જેના વક્તા તરીકે RSS પ્રાંત કાર્યવાહ શ્રી યશવંતભાઈ ચૌધરીએ માર્ગદર્શન આપ્યું હતું. તેમજ આ બેઠકમાં ભારતીય જનતા યુવા મોરચાના પ્રમુખ શ્રી મહેન્દ્ર દેસાઈએ યુવાનોને આહ્વાન કરતા જણાવ્યું કે આગામી તા. ૦૩/૦૮/૨૦૧૭ થી તા. ૦૩/૦૯/૨૦૧૭ દરમ્યાન સુરત મહાનગરમાં "વિજય ટંકાર યુવા સંમેલન"નું આયોજન કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાશે. તથા આગામી તા. ૧૦/૦૮/૨૦૧૭ના રોજ સુરત મહાનગર ખાતે ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ શ્રી ડૉ. ઋત્વીજભાઈ પટેલની આગેવાનીમાં ૬૧ હજારો યુવાનોને "વિજય ટંકાર યુવા સંમેલન"માં માર્ગદર્શન આપવામાં આવશે.

આ બેઠકમાં ભાજપ–સુરત મહાનગર અધ્યક્ષ શ્રી નીતિન ભજીયાવાળા, શહેર મહામંત્રીશ્રીઓ, શહેરના હોદ્દેદારશ્રીઓ, ભારતીય જનતા યુવા મોરચા સુરત મહાનગરના પ્રમુખ શ્રી મહેન્દ્ર દેસાઈ અને મહામંત્રીઓ શ્રી પંકજ તિવારી તથા મોનિલ ઠાકર સહિત મોટી સંખ્યામાં યુવા કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.